# તમસલોકનો યાત્રી

તે કરાલ કાળની એંધાણી આપતી યામિની હતી. તેનો પ્રવાહ ભયાનક ઘોર જન્માવતો હતો. તેનું પ્રત્યેક જળબિંદુ, જાણે દાહ જન્માવતું હતું. એ દાહ ઝીલતાં ઝીલતાં ધીમાં પગલે તે આગળ વધતા હતા. તેમનાં ચરણ પોતાની દિશા શોધી લેતાં હતાં. આજે આકાશ ગોરંભાયેલું નહોતું છતાં રૂંધી નાખતું વાતાવરણ હતું. શ્વાસ માંડ માંડ લઈ શકાતો હતો. ત્યાં સૂર્ય પ્રકાશતો નહોતો, ઔષધિઓનો સ્વામી ચંદ્ર પ્રકાશતો નહોતો. ઉષા નહોતી ને સંધ્યાય નહોતી. અને હોય તોય શું? આ ધીમાં ડગલાં ભરનાર માટે તો ભાસ્વરતાય નહોતી અને જ્યોત્સ્નાય નહોતી. તેમનાં નેત્રોમાં વિધાત્રીએ સૂચિભેદ્ય તિમિરનું અંજન કર્યું હતું. ના, એ માત્ર અંજન નહોતું, નેત્રોમાં ઠાંસીઠાંસીને અધકાર ભર્યો હતો અને નેત્રોમાં જ્યારે અવકાશ ન રહ્યો ત્યારે ધીમે ધીમે સમગ્ર કાયામાં વ્યાપી ગયો સઘન અંધકાર.

વિશાળ શયનકક્ષમાં તે પ્રવેશ્યા પણ આસપાસ ક્યાંય પેલી પરિચિત ગંધ નહોતી. સુકેશિનીએ કેશકલાપમાં સુગંધિત પુષ્પો ગૂંથ્યાં હોત તો તો એ સુવાસથી તેમના નાસાગ્ર રોમાંચિત થયા હોત. પણ ત્યાં નહોતી સુગંધ, નહોતો વસ્ત્રોનો આછો ફડફડાટ કે નહોતાં કશાં કલકૂજન.

તે આગળ વધી ઝરૂખામાં જઈ પહોંચ્યા. મન આકળવિકળ થઈ ગયું હતું.

ક્યાં હશે એ? ભોજનકક્ષમાં હશે? પણ મેં તો ના કહેવડાવી હતી, નહોતી ક્ષુધા, નહોતી તૃષા. અનાગત ભીષણ રૂપ લઈને મારી ક્ષુધાતૃષા હરી ગયું છે. તેર વર્ષ પૂરાં થશે ત્યારે શું થશે? પ્રચંડ ઉલ્કાપાતમાં બધું જ નાશ પામશે, વર્ષો પહેલાં શિયાળ, ગીધના ચિત્કારો સંભળાયા જ હતાને? આ તેર વર્ષ પછી નહીં જ સંભળાય એમ તો કોણ કહી શકે?

તે ઝૂલા પર બેઠા. સામે શું હશે? ક્ષિતિજ શબ્દ કર્ણપટે પડ્યો હતો એટલું જ. ક્યારેય ક્ષિતિજ દેખાઈ નહોતી. આકાશ અને પૃથ્વીની એ સન્ધિરેખા ક્યારેય મૂર્ત થઈ નહોતી. એ સન્ધિરેખા તેર વર્ષો જેટલી દૂર ક્યાંય દૂર... એ નિકટ આવશે ઝંઝાવાત રૂપે અને મારા વંશનો ગ્રાસ કરી જશે. મીંચાયેલાં નેત્રો આગળ તે પોતાના જન્મદાતાની આકૃતિ કલ્પવા ગયા. એ આકૃતિ પણ કૃષ્ણવર્ણની જ હશેને? સાંભળ્યું હતું કે એ કૃષ્ણદ્વૈપાયન વામન હતા, પિંગળકેશી હતા.

ધૃતરાષ્ટ્રે માથા પરથી મુકુટ ઉતારી બાજુ પર મૂક્યો. જ્યારે જ્યારે નર્યું એકાન્ત તેમને ઘેરી વળતું ત્યારે ત્યારે તે જન્મદાતાને શાપતા. જન્મ આપવાની શક્તિ ત્રણમાં હતી; વિચિત્રવીર્યમાં,

ભીષ્મમાં, અને કૃષ્ણદ્વૈપાયનમાં, પણ પોતે કશો આકાર ધારણ કરે તે પહેલાં પિતા વિચિત્રવીર્યનું મૃત્યુ થયું. સત્યવતીની ઇચ્છા ભીષ્મને જન્મદાતા બનાવવાની હતી, પણ ગાંગેયની આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા. એટલે રહ્યા માત્ર કૃષ્ણ દ્વૈપાયન. જાણે તેઓ સામે જ ઊભા છે. તેમનો ઉચ્છ્વાસ પોતાને સ્પર્શી રહ્યો છે. તેઓ આક્રોશપૂર્વક બોલી ઊઠ્યા, 'હે પિતા, તમારી સમક્ષ તો મારું ભવિષ્ય પ્રગટ જ હતુંને! અરે જીવનદેવતા, સમગ્ર ભરતખંડમાં જેની આણ પ્રવર્તવાની હોય તેને ... તેને અન્ધત્વ આપ્યું? એટલોય વિચાર ન કર્યો કે આવી વિરાટ રાજ્યનૌકાને આ અન્ધ નાવિક કેવી રીતે હંકારશે?

હે માતા, કોસલ્યા-અમ્બિકા, મારા અન્ધત્વનું નિમિત્ત તું બની. એ વિરૂપ, શ્યામ, પિંગળકેશી પુરુષને જોઈને તું તો છળી મરી, એવા દેહ સાથે સંગ કરવાના વિચાર માત્રથી અણગમો આવે એટલે તેં નેત્ર મીંચી દીધાં. એ ભીતિપૂર્ણ લજ્જાએ મારી નેત્રજ્યોતિ છીનવી લીધી. હે મા, તેં ભયનાં માર્યાં નેત્રો મીંચી દીધાં તેની શિક્ષા મને શા માટે? મને દસ સહસ્ર હસ્તીઓનું બળ ન આપ્યું હોત તો ન ચાલત? જે બળનો કશો ઉપયોગ થવાનો ન હોય તેને શું કરવાનું? આ હાથ ક્યારેય દુર્યોધન પર ઊપડ્યો છે ખરો? મારે બુદ્ધિવાન થવું નહોતું. પ્રજ્ઞાવાન નહોતું થવું. મારા જન્મ પૂર્વેની તમારી બધી ભવિષ્યવાણીઓ એળે ગઈ મારા જીવનદાતા...

ધૃતરાષ્ટ્રના કર્ણપટે અશ્વોની હેષાઓ અથડાવા લાગી, હાથીઓના ચિત્કારો કાને પડ્યા, તેમના ગળે બાંધેલા ઘટારવોના પડછંદા પડવા લાગ્યા. આ કોનો શંખનાદ છે? મારા હૃદયને કંપાવી મૂકે એવો ધ્વનિ મેં ક્યારેય સાંભળ્યો નથી. આ કેટલા બધા રથ દોડી રહ્યા છે! અત્યારે મને જે ગૂંગળામણ થાય છે તે રથનાં પૈડાં, અશ્વોની દોટ, પદાતિઓનાં પગલાંથી ઊડેલી રજને કારણે છે? મારી નાસિકામાં થઈને આ રજકણો છેક ઊંડે ઊંડે સુધી ભરાઈ તો નહીં જાય ને? હે વિવસ્વાન, ઉષાને લઈને પધારો, ભલે તમારું તેજ મારા માટે નિર્માયું ન હોય, વિશ્વને તો આલોકિત કરો, શું મારા અંધકાર પાસે તમારું તેજ પરાજિત થઈ ગયું?

હિંડોળા પર ઝૂલતાં ઝૂલતાં વિચારધારા આગળ ચાલી. સ્તબ્ધતા મારા હૃદયમાં છે કે વાતાવરણમાં? મારા હૃદયની સ્તબ્ધતા વાતાવરણમાં પ્રસરે છે કે વાતાવરણની સ્તબ્ધતા હૃદયમાં? મારે હળવા થવું છે, આ ભાર મને ભીંસી નાખે છે. કોની સમક્ષ આ વેદના ઠાલવવી? ભલે કોઈ વારે વારે કહે તત્ર કા પરિદેવના પણ મારો શોક અગાધ છે. જાણે જગતભરની વેદનાઓ મારા નાનકડા હૃદયમાં સ્થાન લઈ લે છે. હા, મારા કાનમાં પડેલા એ શબ્દો અત્યારે પણ પડઘાય છેઃ કુલના કલ્યાણ માટે એકનો ત્યાગ કરો, ગામના કલ્યાણ માટે કુલનો ત્યાગ કરો, જનપદના કલ્યાણ માટે ગામનો ત્યાગ કરો, અને આત્માના કલ્યાણ માટે સમસ્ત પૃથ્વીનો ત્યાગ કરો.

'શું વિચારો છો પિતાજી?' ઝૂલો ડોલી ઊઠ્યો.

'કોણ દુઃશલા?'

'હા પિતાજી.' ઝૂલામાં તેમની સાથે બેસતાં દુઃશલા બોલી.

'ગાંધારી ક્યાં છે?'

'આજે તે બહુ અસ્વસ્થ છે.!

'કોણ અસ્વસ્થ નથી?'

સહસા તેમને કૃષ્ણ સાથેના વાર્તાલાપનું સ્મરણ થયું. તેમણે ગળગળા સાદે કહ્યું હતું, 'કૃષ્ણ, તમે તો સર્વશક્તિમાન, સર્વવ્યાપી અને સર્વજ્ઞ છો.'

'ધૃતરાષ્ટ્ર, એવું માની ન લો. હું જરાસન્ધથી ગભરાઈને ભાગી નહોતો ગયો?'

'કૃષ્ણ, એ તમારી વ્યૂહરચના પણ હોઈ શકેને? પછી યુક્તિપૂર્વક એનો વધ કેવો કરાવ્યો! મારી એક પ્રાર્થના સ્વીકારો! કૃષ્ણ, મને આ અંધકારમાંથી બહાર કાઢો. મને એ મૃત્યુથીયે વધારે ભયાનક લાગે છે. મને દિવ્ય દૃષ્ટિ આપો, મારે અનાગતને જાણવું છે.'

તે વેળા કૃષ્ણ કશું બોલ્યા નહોતા. શું તેઓ મારા મુખની રેખાઓ પરથી મારા હૃદયનો તાગ મેળવવા માગતા હતા? એ મૌનની ક્ષણો જીરવાઈ નહોતી.

થોડા સમય પછી કૃષ્ણનો ઘેરો, ગંભીર ધ્વનિ સંભળાયો. 'અનાગતને અનાગત જ રહેવા દો, ધૃતરાષ્ટ્ર. આપણે જે જ્ઞાનને પચાવી ન શકીએ એ જ્ઞાનને શું કરીશું? છતાં વચન આપું છું કે પ્રસંગ ઊભો થશે ત્યારે તમને સંજયદૃષ્ટિનો લાભ મળે એવી વ્યવસ્થા કરીશ.'

આ વાત સાંભળીને હું કેવો કાંપી ઊઠ્યો હતો. આજે જો સંજયદૃષ્ટિ પ્રાપ્ત ન થઈ તો શું ભવિષ્યમાં વધુ ભયાનક ઘટનાઓ બનશે? આજે કેવી અવમાનના થઈ હતી? દ્યૂતસભામાં દ્રૌપદી જેવી કુલવધૂનાં વસ્ત્ર દૂર કરવામાં આવે અને બધા વડીલો જોયા કરે, એ કરતાં તો મારી સ્થિતિ ઇચ્છવા યોગ્ય નહોતી? અસદ્ જોવાથી તો હું ઊગરી ગયોને? પણ ના, એથી કરીને અસદ્ હતું જ નહીં એમ કેમ માની લેવાય? મેં એનો વિરોધ કેમ ન કર્યો, હું પ્રજ્ઞાવાન હતો તો શું મારી પ્રજ્ઞાને લૂણો લાગી ગયો હતો? હું કંઈ ભીષ્મ, દ્રોણની જેમ અર્થનો દાસ તો નહોતોને? મેં ઊભા થઈને આ ઘટનાનો વિરોધ કેમ ન કર્યો? દુર્યોધન અને દુઃશાસનને કોઈનેય કુલાભિમાન ન નડ્યું? ના, મારે જ તે વેળા ઊભા થઈને દુર્યોધનને કચડી નાખવાનો હતો. મારે જ દુઃશાસનના હાથ જડમૂળથી ઉખેડી નાખવાના હતા. મારી સામે આવું જઘન્ય કૃત્ય અને હું કંઈ કરી ન શકું? હું નામનો જ રાજા? શું હસ્તિનાપુરનું રાજ્ય શકુનિ ચલાવે છે? ગાંધારી પોતાના ભાઈને કશું જ કહી શકતી નહીં હોય? મારી પાસે વિદુર છે અને છતાં એમની વાત કેમ હું સ્વીકારી શકતો નથી?

પાંડવોને કેવા યાચક, દીન, દરિદ્ર બનાવી દીધા? રાજાને એવો અધિકાર ખરો? જે રાજા પોતે જ દ્યૂત રમવા બેસે એ પ્રજાપાલક કહેવાય કેવી રીતે? જો રાજાને રંક બનાવી દીધા હોય તો રંકનું શું થાય? મારી પ્રજાના અધિકારો ઝૂંટવાઈ જાય અને હું રાજા થઈને બધું ચલાવી લઉં? સત્તાના મદમાં બળવાન કૌરવ પરાજિત પાંડવોને દબાવી દે? આ તે કઈ રાજનીતિ?

દ્યુતસભામાં મને શ્રુતિ વડે દૃષ્ટિસુખ કેમ પ્રાપ્ત ન થયું? પણ ગાંધારીનું શું? એ કંઈ મારી જેમ ઓછી જન્માંધ હતી? તેણે તો પતિવ્રતા નારીનો પાઠ અદા કરવો હતો એટલે આંખો પર પાટા બાંધી દીધા, પણ મેં કેમ સંમતિ આપી? મેં તેની વિનંતીનો અસ્વીકાર કર્યો હોત

તો? તે મારી પડખેના સિંહાસન પર બેસીને પોતાનાં નેત્ર વડે બધું નિહાળતી હોત, મારા હાથ પર પોતાનો હાથ વિવિધ રીતે દાબીને સ્પર્શ દ્વારા સામે સાકાર થતી ઘટના સમજાવી શકી ન હોત?

એ સભાગારમાં નરકને લજાવે એવો અંધકાર નહોતો? મારાં નેત્રો આગળ જે અંધકાર સદાકાળ રહે છે એનો જ વિસ્તાર એ? તે વેળા સૂર્ય પ્રકાશતો હતોને? કે પછી આવી ઘટનાના સાક્ષી બનવાને બદલે વાદળ હેઠળ છુપાઈ ગયો હશે? ત્યારે પણ પુષ્પો તો ખીલેલાં જ હતાં ને ક્યાંક ને ક્યાંક યુવાન પ્રણયીઓનાં વિશ્રંભાલાપ પણ ચાલતા જ હશેને?

કુલાંગનાને આવી રીતે કદી કોઈએ અપમાનિત કરી હશે ખરી? દુર્યોધનના ચિત્તમાં આવી વાસના ફાલી જ કેવી રીતે? શું એ મારી જ વાસનાનું પરિણામ? મારાથી હવે ગાંધારીનો સ્પર્શ થશે ખરો? શું હું તેનાં વસ્ત્ર ઉતારીને મધ્યરાત્રિનાં મહોરેલાં પુષ્પોની ગંધનાં આવરણ તેની કાયા પર ચડાવી શકીશ? પણ મને આનંદ તો એક વાતે થયો. ભીષ્મ, દ્રોણ જેવા વડીલો અને ગાંધારીમંડળની સ્ત્રીઓ મૂક થઈને બેસી રહી હતી, ત્યાં જ 'ઊભા રહો, ઊભા રહો' એવો પોકાર થયો. 'અરે, આ તો અમારી દુઃશલા...'

'ભાઈ, જરા લાજ... સામે કોણ છે એ તો જો. પાંડવોની રાજરાણી... આપણાં સૌની ભાભી... કુરુકુલની શોભા... એની અપ્રતિષ્ઠા આપણા સૌની અપ્રતિષ્ઠા, અન્યને ન પૂછતાં તમારા આત્માને તો પૂછવું હતું. જે પુરુષો આવી રીતે સ્ત્રીનું અપમાન કરે તેમનો આત્મા બચ્યો હશે ખરો? તમે બંને ભાઈઓ સાંભળો, સાંભળો... તમારાં માંહ્યલા તો ભાભીના રોષના સ્ફુલ્લિંગમાં ભસ્મીભૂત થઈ ગયા, જે કંઈ અવશેષ રહેશે તેને મારો ફુત્કાર પ્રજ્વલિત કરી મૂકશે.'

અરે, આ શું, આ શું? દુઃશાસનના કપોલ પર, દુઃશલાએ, અમે સૌ અસહાયો વતી, તમાચો માર્યો? સભામાંથી 'સાધુ સાધુ'ના પોકારો આવ્યા.

'લઈ જાઓ આ દુર્વિનીતને સભામાંથી!'

હા, એ હતો દુર્યોધન. નારકી અંધકાર વડે ઘૂંટાઈ ઘૂંટાઈને નર્યો દુર્ગંધમય બની બેઠેલો એ ધ્વનિ.

ના... ના... દુઃશાસનનાં રાક્ષસી પગલાં દ્રૌપદીની દિશામાં જઈ રહ્યાં છે. આ નિર્દય પારધિના પાશમાંથી ભીરુ પંખિણી બચી શકશે?

આ કયા કાપુરુષનો ધ્વનિ સંભળાયો? 'તું રજસ્વલા હોય, નીવીની નીચે એકમાત્ર વસ્ત્ર પહેર્યું હોય તોય ચાલી આવ!'

અરે આ કોણ? દુઃશાસન બોલ્યોને? અને મારી જ વાત કરોને! એક પછી એક દાવ રમાતો જતો હતો, યુધિષ્ઠિર પરાજિત થતો હતો ને શકુનિ મોટે મોટેથી બોલતો હતોઃ હું જીત્યો, હું જીત્યો ત્યારે હું પણ મનમાં નહોતો બોલતો કે હું જીત્યો હું જીત્યો...

પણ એ પ્રશ્ને સભામાં બધાના હોઠ સીવી દીધા હતા? દ્રૌપદીનો પ્રશ્ન સાત સાત સાગરને

વિક્ષુબ્ધ કરી નાખનારો હતો. ભીમના હૃદયમાં જે ક્રોધ વ્યાપેલો હતો તેણે સૌપ્રથમ પાંડવોને દઝાડ્યા... જે હાથે દ્રૌપદીને હોડમાં મૂકી તે હાથ લાવો બાળી નાખું અને મારા એક પુત્ર વિકર્ણે પ્રશ્ન પૂછ્યો, દ્રૌપદીના પ્રશ્નનો ઉત્તર આપો. નહીંતર આપણે સૌ નરકવાસી થઈશું. આટલું સીધુંસાદું સત્ય તમે કેમ સ્વીકારી શકતા નથી? ઈશ્વરે તમને શા માટે ઇન્દ્રિયો આપી છે? તમને હૃદય અને ચિત્ત શા માટે આપ્યાં છે?

વિકર્ણ કેટલો સાચો હતો?

ધૃતરાષ્ટ્ર આટલું વિચારીને મૂક થઈ ગયા. પોતાના વિચારોનો પ્રતિધ્વનિ કોણ પાડે? એટલે પુનઃ ચિત્તના કોશેકોશ ઢંઢોળ્યા, કશું કર્ણપટે પડે છે?

હે મારા જનક, મારી માએ નેત્રો મીંચ્યાં જ કેમ? એમાંય તમારો જ સંકેતને! અને દ્વૈપાયન ઋષિ, આજે તમને પૂછું છું કે તમે ઈશ્વરસદૃશ બનીને વાણી કેમ ઉચ્ચારી બેઠા? તમે તો ભવિષ્યકથન કરી દીધું કે આ પુત્ર અંધ થશે. તમે તો વાસિદ્ધ. મેં તો એવું સાંભળ્યું હતું કે દેવતાઓ શાપની સાથે શાપમુક્તિનો ઉપાય પણ આપતા હોય છે. મને શું આપ્યું? મને તમે પ્રચંડ બાહુબળ આપ્યું. કયા યુદ્ધમાં હું બળનો પ્રયોગ કરવાનો હતો? શબ્દવેધી બાણ ચલાવતાંય મને તો આવડતું નથી. મારા જેવા રાજાને, ચક્રવર્તી સમ્રાટને તમે અંધ બનાવી દીધો!

અરે શ્રીકૃષ્ણ... અરે કૃષ્ણ દ્વૈપાયન, મારા ચિત્તમાં તો નર્યો અવકાશ જ છે. નથી કોઈ સ્પન્દ, નથી કોઈ થડકાર... આવનારા દિવસોમાં શું થશે? રજસ્વલા દ્રૌપદીના રક્તથી બધું રક્તિમ રક્તિમ થઈ જશે?

ના ના, મારે એ રક્તથી દૂર રહેવું છે. સ્વજનોને દૂર રાખવા છે. આ રાજ્યને દૂર રાખવું છે. રાજનીતિના પાઠ નવેસરથી શીખ્યા વિના અન્ય ઉપાય નથી.

અરે કૃષ્ણ, મારો આ આર્તનાદ તમે સાંભળો છો ને? તમે તો સ્થળકાળના સ્વામી છો. આ દ્યૂતસભામાં દ્રૌપદીના અપમાનની ઘટનાને અમારા સૌકોઈની સ્મૃતિમાંથી સદા કાળને માટે લુપ્ત કરી નાખો. ના ના, માત્ર અમારી સ્મૃતિમાંથી જ નહીં, કાળનો એટલો ખંડ ભારતવર્ષના ઇતિહાસમાંથી અદૃશ્ય કરી નાખો. જેથી આવનારી પેઢીઓની ચેતનામાં એમનો પ્રવેશ જ ન થાય.

દુઃશાસન, દુર્યોધન ભવિષ્યમાં આ ઘટનાનો લજ્જાસ્પદ ઓથાર અનુભવે એવુંય શા માટે? પણ કૃષ્ણ, હું જાણું છું કે કદાચ કાળદેવતા પણ તમારી આજ્ઞા નહીં માને. કાળ એટલે યમ. યમ એટલે જ ધર્મ અને સંસારમાં યમનું, ધર્મનું એકચક્રી શાસન ચાલે છે. એ કાળ તો સર્વશક્તિમાન છે, એની આણ દસે દિશાઓમાં, ત્રણે લોકમાં છે... તો કૃષ્ણ, છેવટે મારી ચેતનામાંથી તો આ બધું લુપ્ત કરી નાખો. લુપ્ત કરી નાખો.

કૃષ્ણમાં વસતા હે કૃષ્ણ દ્વૈપાયન, આ શું કર્યું? તમારાં બધાં બીજ આવાં? કોઈ પાંડુરોગી! કોઈ અન્ધ! કોઈ ધર્મભીરુ! અરે મારા જન્મદાતા, મને આવો નિર્માલ્ય કેમ બનાવ્યો? શાસકો આવા નિર્માલ્ય? મારે શા માટે કણિક પાસે જવું પડે? શા માટે વિદુર પાસે જવું પડે? હું પરાવલંબી કેમ?

મારામાં જ્ઞાન હતું, તેની જ્યોત સદા પ્રજ્વલિત કેમ ન રહી? દુર્યોધન આવે એટલે એ જ્ઞાનજ્યોત કેમ થરથર કાંપતી હતી? એની આસપાસ કેમ આવરણો ચઢી જતાં હતાં?

'આજે સભામાં જે બન્યું તેનો વિચાર કરું છું. ભરતખંડના ઇતિહાસમાં આજ સુધી આવું બન્યું નહોતું. તેમાં હું નિમિત્ત બન્યો. તું અને વિકર્ણ ઊભા થયાં એ શુભ ચિહ્ન, કુરુવંશની લાજ બચી ગઈ.'

'પરંતુ પિતાજી, તમે દુર્યોધનને વારી કેમ ના શક્યા?'

'પુત્રી, તને દુર્યોધનની ઈર્ષ્યાનો ઝાઝો પરિચય નથી. પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો ત્યારથી ઈર્ષ્યાગ્નિ એનો કેડો મૂકતો નથી. કૃદ્ધ વિષમય સર્પની જેમ એ સતત તેને દંશે છે. એને તો યુધિષ્ઠિરની લક્ષ્મીથી કશું ઓછું કશું ખપતું ન હતું. એ પ્રાપ્ત ન થાય તો બળી મરવા તત્પર હતો. મેં એને સમજાવ્યો કે દ્વેષ મૃત્યુનું દ્વાર છે. બીજાના ધનની સ્પૃહા કરવી નહીં. જે વિપત્તિમાં વ્યથિત થતો નથી, જે પુરુષાર્થ આચરે છે, જે અપ્રમાદી છે, જે વિનયી છે તેનું જ કલ્યાણ થાય છે.

'એનો અર્થ એવો કે હવે ભવિષ્ય ઊજળું નથી.'

'હા દુઃશલા. તું કેટલી શાણી છે. આજે મને થાય છે કે આવા સો પુત્રોને બદલે તું જ એકલી હોત તો આ દિવસ જોવો જ ન પડત. કદાચ એટલે જ તારો જન્મ થયો. સો પુત્રોથી ગાંધારીને ક્યાં સન્તોષ થયો હતો? તેણે તો કહ્યું કે જો મેં દાન કર્યાં હોય તો મને પુત્રી જન્મે. દુર્યોધન શા માટે તારી સાથે ક્યારેય સંવાદ કરતો નથી? વિકર્ણથી એ કેમ દૂરનો દૂર જ રહે છે? આજે હું ભારે પશ્ચાત્તાપથી પીડિત છું. આ દુર્યોધનમાં જ જન્મેલો વૈરાગ્નિ કે ઈર્ષ્યાગ્નિ નથી. એ સર્વ મારામાં હતું જ. ગાંધારીનું કશું ઇષ્ટ એનામાં પ્રગટ્યું જ નહીં. અસદ્ મારામાં હતું. હું જે સત્ય, નીતિના પાઠ શીખતો હતો તે મારા રક્તમાં વિલીન થયેલા નહોતા. એટલે તો હું કણિકની પાસે રાજનીતિના પાઠ શીખવા બેઠેલો. તેણે મને વધુ બનતાં શીખવ્યું. મારે કણિકને નહીં, વિદુરને પાસે રાખવાનો હતો. કણિકની રાજનીતિ કુટિલ હતી. એ તો શત્રુને ખભે બેસાડીને પછી એનો વધ કરવા તત્પર રહેવાની વાત શીખવતો હતો.

'દુઃશલા, માનવી બીજાને છેતરતાં પહેલાં પોતાને છેતરતો હોય છે. મેં સતત મારી જાતને મનાવવાનો પ્રયત્ન કર્યો હતો કે પાંડવોમાં અને કૌરવોમાં કોઈ ભેદ નથી. પણ પુત્રસ્નેહ મારી કાયાના છિદ્રેછિદ્રમાંથી પ્રવેશીને મને અંદરથીય અંધ કરતો હતો. મારા એ તમસલોકમાં મેં સૂર્યદેવતાને પ્રવેશવા દીધા જ નહોતા.'

'પિતાજી, દુર્યોધન ભલે મારો ભાઈ હોય, મેં ક્યારેય ભાઈનું વહાલ અનુભવ્યું નથી. એ મારાથી સદા દૂર ને દૂર જ રહ્યો. હવે આજે કહું છું, તમે મને, યુયુત્સુને, વિકર્ણને, ગાંધારીને સાથે રાખીને પરામર્શન કર્યું છે ખરું? યુધિષ્ઠિરભાઈના મહેલમાં દસ સહસ્ર બ્રાહ્મણો સુવર્ણથાળમાં ભોજન કરતા હોય તેથી શું? આપણી પાસેય ધનસંપત્તિ છે, ઐશ્વર્ય છે. વળી, પાંડવોએ ભલે યજ્ઞ કર્યો, પણ સંપત્તિનું આવું પ્રદર્શન શા માટે? પિતાજી, જે સંપત્તિ બીજાના હૃદયમાં અસંતોષ, ઈર્ષ્યા જન્માવે તેનો કયો અર્થ? દ્યૂતના મૂળમાં આ સંપત્તિ અને તેનું પ્રદર્શન નહોતું?'

ધૃતરાષ્ટ્રને લાગ્યું કે દુઃશલા બહુ મોટી થઈ ગઈ છે, પણ શું દુર્યોધનને જ એ સંપત્તિનો મોહ હતો? મને નહોતો?

'દુઃશલા, અત્યારે મને સમજાય છે કે જ્યારે દુર્યોધને પાંડવોના ઐશ્વર્યનું વર્ણન કર્યું ત્યારે મારા હાથ લાંબા થઈને એ બધું છીનવી લેવા તત્પર થઈ ગયેલા. એ દ્યૂતસભામાં શકુનિ પાસા ફેંકતો નહોતો, હું જ ફેંકતો હતો. દુર્યોધનની લાલસા બધાએ જોઈ, મારી કોઈએ ન જોઈ. આજે મને સમજાય છે કે દ્યૂત સ્વર્ગનું નહીં પરંતુ નરકનું દ્વાર છે, નરકનું. પણ દુર્યોધનનું ચિત્ત ભ્રમિત થઈ ગયું હતું. એને તો પ્રત્યેક નિવાસસ્થાનમાં અર્જુન જ દેખાતો હતો, એટલું જ નહીં, અકારાદિ નામથી પણ તે સંત્રાસ અનુભવતો હતો.

'પિતાજી, મારી માતા પણ તમને કશું કહી શકતી નહોતી?'

'તેણે તો મને કહેલું કે આ કુલાંગારનો ત્યાગ કરો. તે તો માનતી જ હતી કે ક્રૂરતાથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી વિનાશક જ હોય.'

હું કેવો અન્યાય કરી બેઠો. મારા જ મૃત ભાઈના પુત્રોને તેમના અધિકારમાંથી વંચિત કરી બેઠો. એ પિતાનું છત્ર ગુમાવી બેઠા હતા, પણ શું એટલે એમને સર્વ પ્રકારના છત્રથી વંચિત કરવા? એ પોતાનો અધિકાર માગે એટલે મારે એમને રંક અને લાચાર બનાવી દેવાના? જે આ પૃથ્વીના નાનામોટા અંશોના સ્વામી છે એમની પાસેથી જ મારે બધું ઝૂંટવી લેવાનું? અને એ ઝૂંટવી ઝૂંટવીને મારા સાધનસંપન્ન પુત્રોને વધુ ને વધુ સંપન્ન બનાવ્યા કરવાના? આ ન્યાય નથી. સમાજના કોઈ એક અંગને નિર્બળ બનાવીને બીજા અંગને સમૃદ્ધ ન કરાય. મને સાચી રાજનીતિ કેમ ન શીખવી? સાચા અર્થમાં મને પ્રજ્ઞાચક્ષુ કેમ ન બનાવ્યો? શ્રીકૃષ્ણ, સાંભળો, કૃષ્ણ દ્વૈપાયન, તમે પણ સાંભળો. દ્રૌપદી વસ્ત્રહરણ થતું હતું તે અમે બંને પતિપત્ની જોવામાંથી ઊગરી ગયાં, તમે પાછા એમ કહેશો કે તમને દૃષ્ટિસુખ હોત તો સારું હતું. બધું સાંભળવું જોઈએ, જોવું જોઈએ, અનુભવવું જોઈએ, પણ ધારો કે અમને પણ ભીષ્મ, દ્રોણ, વિદુરની જેમ નેત્રજ્યોતિ હોત તો? લોહીના સંબંધે તો હું નિકટનો સંબંધી હતો, જેવી મારી દુઃશલા તેવી જ દ્રૌપદી... છતાં હું કશું કરી ન શક્યો! કર્ણની જીભ કેમ કાપી ન નાખી? આવી લાચારીભરી પરિસ્થિતિમાં મને મૂક્યો શા માટે? કોઈ મારી પીઠ પાછળ બોલતું હતુંઃ આ તો ધૃતરાષ્ટ્રની વાસનાનું પ્રતિબિંબ છે. શું આ વાત સાચી છે? કૃષ્ણ, કૃષ્ણ તમે પણ મને અન્યાય કરશો?

હે કૃષ્ણ, આ અતલ હતાશાના વાતાવરણમાં મને કેમ વાંસળી સાંભળવા ન મળી? એ વાંસળી માત્ર ગોપાંગનાઓ માટે જ હતી? પ્રભુ, એ સ્વર જો મેં સાંભળ્યો હોત, એ સ્વર જો દ્યૂતસભામાં રેલાયો હોત તો શું વાતાવરણ બદલાઈ ગયું ન હોત? મારામાં આટલો બધો પુત્રસ્નેહ શા માટે? અને જ્યારે મને ભાન છે કે આ સ્નેહ સ્નેહ નથી પણ એક પાશ છે, આ સ્નેહસાગરમાં મારી નૌકા પાર નહીં ઊતરે. ગાંધારી મારી ઉપરવટ કેમ જતી નથી? તે એકઝાટકે આંખો પરના પાટા ખોલી નાખીને દુર્યોધનને ધરાઈ ધરાઈને જોઈ લીધા પછી તેનાં નેત્રોની જ્યોતિ છીનવી કેમ લેતી નથી? પછી તો અંધના પુત્ર અંધ એ ઉક્તિ સાર્થક ન થાત? અમે બંને અંધ પિતાપુત્ર નિર્વાસિત થઈને કયાંક ચાલ્યા ગયા હોત! દેશવટાનું દુઃખ અનુભવ્યા કરત!

હે કૃષ્ણ દ્વૈપાયન... મારે આ કાળમાં જીવવું નથી, જે કાળમાં મનુષ્યની જીભે વાણી ફૂટી નહોતી એ કાળમાં અમને ફંગોળી દો, આ સમય નથી જોઈતો, આ સ્થળ નથી જોઈતું... અમને કાળના પ્રવાહમાં અવળી ગતિએ ધકેલી દો... ત્યાં એક જુદો લોક હશે, આ વનસ્પતિસૃષ્ટિ નહીં હોય, પ્રાણીસૃષ્ટિ અનોખી હશે... ક્યાં છે એ કાળ? ક્યાં છે એ સૃષ્ટિ? કૃષ્ણ, ક્યાં છો તમે? એક નિમેષ માટે, માત્ર એક જ નિમેષ માટે સાક્ષાત્કાર કરાવો, બસ એની એક સ્મૃતિ વડે આ તમસલોક પાર કરી દઈશ.

'દુઃશલા, દુઃશલા ક્યાં છે તું?'

'આ રહી પિતાજી, તમારી પાસે જ તો છું...'

'જો તું મારી વાત માનવાની હોય તો કહું દીકરા?'

'હા... હા... બોલોને!'

'ના, એમ નહીં મને વચન આપ, ના ના... મારે વચન નથી જોઈતું. મારી વાત યોગ્ય લાગે તો જ...'

'બોલો તો ખરા...'

'મારાથી આ કારાવાસની દુર્ગંધ વેઠાતી નથી, તું મને દૂર દૂર લઈ જા, વનમાં, પર્વતની ધાર પર, કોઈ વિશાળ નદીકાંઠે...અને મને એકલાને નહીં, ગાંધારીને પણ, આપણે ત્રણ અહીંથી કશું નહીં લઈ જઈએ, નાહક એટલી સંપત્તિ ઓછી થઈ જશે.

'પિતાજી, ચાલો... ચાલો, કોઈ બીજું સ્થળ શોધી કાઢીશું... અને પિતાજી, માતા ગાંધારીના પાટા તમે છોડી નાખજો.'

કૌમુદીપ્રવાહમાં સ્નાન કરતી કરતી તે તમસમૂર્તિ દુઃશલાના ખભે એક હાથ રાખીને અને બીજા હાથે ગાંધારીનો હાથ પકડીને આગળ વધી રહી હતી, અને કૌમુદી તેમના રધ્ધે રન્ધ્રમાં પ્રવેશી રહી હતી.

*ઑક્ટોબર ૨૦૧૧-જાન્યુઆરી ૨૦૧૨*

# ચકરાવો

ચા પૂરી થઈ અને તેની નજર કપના તળિયે પડી, એમાં સિગારેટનું ઠૂંઠું પડેલું હતું. સિગારેટ પીતાં પીતાં ક્યારે તેણે ચાના કપમાં એ ઠૂંઠું નાખી દીધું, ક્યારે એ બળેલી તમાકુવાળી ચા પી ગયો એની જરાય ખબર પડી નહોતી. દસ દિવસથી તેની જિંદગીનો એક પ્રવાહ ખોવાઈ ગયો હતો, અને એક ભયાનક પ્રવાહ શરૂ થયો હતો, માથામાં રોજ તમરાં બોલતાં, રાતે સૂતી વખતે માથું ચક્કરભમ્મર થઈ જતું, જીભે શોષ પડ્યા કરતો, ગમે તેટલું પાણી ગટગટાવી જાય તોય કશો જંપ નહોતો.

તેને યાદ આવ્યું જરા સરખા અવાજથી નયના જાગી જતી હતી. આખો દિવસ નયના ગીતો જ ગાયા કરતી હતી, 'તમે મારા દેવના દીધેલ છો...'... 'નંદ ઘેર આનંદ ભયો..' આને કહું તેને કહું, અહીં જઉં, ત્યાં જઉં; આ વાંચું તે વાંચું, બસ વય જાણે બદલાઈ ગઈ હતી. ક્યારે અલૂણાં શરૂ થયાં, ક્યારે અગ્નિની સાખે ફેરા ફર્યા અને ક્યારે પેટમાં જીવનો સંચાર થયો કશી જ ખબર પડી નહોતી. સાથે સાથે શંકાકુશંકા પણ એટલી જ. રાતે પડખું ફરો અને સવાર થઈ ગઈ હોય એવું બનતું જ નહોતું. થોડા ઊપસેલા પેટ પર હાથ દાબી દેતી. વચ્ચે વચ્ચે કોયલ ટહુકા કરી જતી, તેના મીઠા ધ્વનિ ઝીલતાં ઝીલતાં હાથ પેટ પર મૂકતી,

જાણે એ ધ્વનિ તે પેટની અંદર ઊછરી રહેલા બાળકને પહોંચાડવા માગતી ન હોય. એ જો વધારે ટહુકા કરે તો બહાર આવીને પાસેના આસોપાલવ પર એને શોધવા મથતી. મોહન તેના કપાળે હાથ મૂકતો, જરાક દબાવતો. થોડી થોડી વારે તેના માથાના વાળ સરખા કર્યા કરતો, પીઠ પસવારતો અને તે જંપી જતી. થોડાં જ અઠવાડિયાંમાં ઘરમાં અવસર આવવાનો હતો એટલે ઘરને સાફસૂફ કરાવી રંગરોગાન કરાવ્યાં હતાં. કારીગરોની સાથે તે પણ મંડી પડતો હતો. નયના મદદ કરવા માગે તો તરત તેનો હાથ પકડીને ખુરશી પર બેસાડી દેતો. ચોરીછૂપીથી મલકી રહેતા કારીગરોની ચિંતા કર્યા વિના તે નયનાને હાથમાં ને હાથમાં રાખતો હતો.

અને અચાનક તેમાં ઊંબાડિયાં ચંપાઈ ગયાં. ધૂળધુમાડા કસ્તરથી ઘર ઊભરાઈ ગયું. જાણે છેવટે જગ્યા ન મળી એટલે એ બધું મનમાં ભરાઈ ગયું. એ કસ્તર કાળાભૂરાજાંબલી રંગનું હોય એવું લાગ્યું. એ બધા રંગો પણ આંખોમાં, કાનમાં, નાકમાં પ્રવેશ્યા. એ વાટે ચામડીની નીચે જઈ પહોંચ્યા. કદાચ એનાથી લોહીનો રંગ બદલાઈ જશે, એમાં કાળાકથ્થઈભૂરાની છાંય ભળી જશે. બહુ ઠેલા માર્યા એટલે કસ્તર આંખો વાટે એ બહાર આવવા માંડ્યું.

અત્યારે તેની સામે ચાનો ખાલી કપ હતો પણ તેણે ખરેખર શું પીધું, ચા, કોફી કે પાણી?

નયનાની નજરે કપમાં પડેલું ઠૂંઠું ન પડે એટલે તેણે આંગળીઓ વડે ઊંચકી, બારીની બહાર ફેંકી દીધું. ઘડિયાળમાં જોયું તો દસ વાગી ગયા હતા, તે ઊભો થઈને અંદરના ઓરડામાં ગયો. ચાદર સરખી કરીને નયના આડી પડી હતી. આજે એના મોં પર ગૂંચવાઈ ગયેલી રેખાઓ દેખાતી નહોતી. થોડી હળવાશ આવી હતી. એ જોઈ એકદમ વહાલ ઊભરાઈ આવ્યું અને નયનાનું મોં બે હાથમાં લઈ આંખે, ગાલે, લલાટે, કાનની બુટે, ચિબુકે, ગરદન પર ચૂમ્યે ગયો. થોડી જ વારમાં નયનાની આંખોમાંથી વહેતાં આંસુનો સ્પર્શ થયો. 'ના... ના... નયના... બધું ભૂલી જા, ભૂલી જા. એ એક ગોઝારું સપનું હતું. આ આપણે બે... આ હોઠ... આ આંખો... આ ગાલ... એ જ સાચું, એ જ સાચું...

'પણ મને તો... મને તો આ જ સ્વપ્ન લાગે છે...'

'જો નયના, આપણે પોલીસમાં ફરિયાદ નોંધાવીએ.'

નયના એ સાંભળીને હેબતાઈ જ ગઈ. તેની આંખો આગળ બીજી અનેક ઘૂરકતી, તિરસ્કારભરી આંખો દેખાવા લાગી. ઘરની બહાર પગ મૂકતાંવેંત ચીંધાનારી આંગળીઓ દેખાવા લાગી. સાવ આછા અવાજે થતી ગુસપુસ મોટી મોટી થઈને કાનમાં પડછંદા પાડવા લાગી.

'ના... ના... મારે ફરી એ ચકરાવો, એ મોતનો કૂવો નહીં જોઈએ.'

'ના...ના... મારે ફરી એ ચકરાવો, એ મોતનો કૂવો નહીં જોઈએ.' મોહને એના કપાળ પર હાથ ફેરવતાં કહ્યું, 'તું જરા સમજ, ધીરજ રાખ. આવા સિલસિલા ચાલ્યા જ કરે છે. એને બંધ કરવા જોઈએ. આપણે બોલવું જોઈએ. હું તારી સાથે જ છું, પછી શું છે?'

'ના...ના... મારે ફરી એ ચકરાવો, એ મોતનો કૂવો નહીં જોઈએ.'

મોહને એના કપાળ પર હાથ ફેરવતાં કહ્યું, 'તું જરા સમજ, ધીરજ રાખ. આવા સિલસિલા ચાલ્યા જ કરે છે. એને બંધ કરવા જોઈએ. આપણે બોલવું જોઈએ. હું તારી સાથે છું, પછી કંઈ?

નયનાની લાખ મના હોવા છતાં મોહન જિદ્દી બન્યો. નયનાને લાગ્યું કે જાણે બધાંનાં પેટ મોટાં થઈ રહ્યાં છે અને બધાં એને ગળી જવા માગે છે. સાવ નાની કરી પછી મોંમાં મૂકી એને ચગળ્યા જ કરશે. જ્યારે ફોતરા જેવું રહેશે ત્યારે ફેંકી દેશે...જે કોઈનાય કામનું નહીં રહે. ફોતરું? હા, ફોતરું. નયનાને સમજાવતાં વાર લાગશે એમ માનીને મોહન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા નીકળ્યો. નયનાને સમજાવતાં વાર લાગશે એમ માનીને મોહન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા નીકળ્યો. રસ્તો ખાંચાખૂંચીવાળો હતો, વચ્ચે વચ્ચે પુષ્કળ ખાડા ખોદાયેલા પડ્યા હતા. નયનાને સમજાવતાં વાર લાગશે એમ માનીને મોહન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા નીકળ્યો. રસ્તો ખાંચાખૂંચીવાળો હતો, વચ્ચે વચ્ચે પુષ્કળ ખાડા ખોદાયેલા પડ્યા હતા. સુધરાઈ પાણી અને ગટરની નવી વ્યવસ્થાઓ કરી રહી હતી. જાતને બચાવતો તે માંડમાંડ આગળ વધી રહ્યો હતો. નયનાને સમજાવતાં વાર લાગશે એમ માનીને મોહન

પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા નીકળ્યો. રસ્તો ખાંચાખૂંચીવાળો હતો, વચ્ચે વચ્ચે પુષ્કળ ખાડા ખોદાયેલા પડ્યા હતા. નયનાને સમજાવતાં વાર લાગશે એમ માનીને મોહન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા નીકળ્યો. રસ્તો ખાંચાખૂંચીવાળો હતો, વચ્ચે વચ્ચે પુષ્કળ ખાડા ખોદાયેલા પડ્યા હતા. સુધરાઈ પાણી અને ગટરની નવી વ્યવસ્થાઓ કરી રહી હતી. જાતને બચાવતો તે માંડમાંડ આગળ વધી રહ્યો હતો. આટલા બધા લોકો ક્યાંથી ફૂટી નીકળ્યા છે તેની નવાઈ લાગતી હતી. કયા પ્રકારની આફત આવી છે કે બધા ભાગે જ જાય છે, બીજાઓને પાછળ પાડીને...

પોલીસકચેરી નજીક ને નજીક આવતી ગઈ તેમ તેમ તેને પરસેવો વળવા માંડ્યો, પગની પિંડીઓ ભારે થવા માંડી, કમરથી નીચેના ભાગમાં જાણે ગાંઠિયો વા થઈ ગયો હતો.

બે માળનું નાનકડું મકાન! દૂરબીન માંડેલું હતું કે શું? તેને એ મસમોટી ઇમારત જેવી દેખાઈ, તેમાં કોણ જાણે કેટલા બધા ઓરડા હશે. નાનપણમાં સાંભળેલી કોઈ કથામાં આવતું હતું કે એવી જગ્યાએ તો જ્યાં પાણી હોય ત્યાં જમીન અને જ્યાં જમીન હોય ત્યાં પાણી દેખાય.

સામે જ દેખાતી હતી એ ઇમારત. કેટલીય વખત તે અહીંથી પસાર થયો હતો. આવી ઇમારતો શહેરમાં પણ હતી. તે ત્યાંથી પણ પસાર થયો હતો. દર વખતે એ માત્ર અછડતી નજર નાખતો અને ચાલી જતો. સામે જ દેખાતી હતી એ ઇમારત. કેટલીય વખત તે અહીંથી પસાર થયો હતો. આવી ઇમારતો શહેરમાં પણ હતી. તે ત્યાંથી પણ પસાર થયો હતો. દર વખતે એ માત્ર અછડતી નજર નાખતો અને ચાલી જતો. આજે પહેલી વખત એ ઇમારતને ધારી ધારીને જોઈ રહ્યો હતો. કેટલી બધી અજાણી લાગતી હતી. અંદર શું હશે? ભુલભુલામણી હશે, ભમ્મરિયા કૂવામાં જોવા મળે એવો અંધકાર હશે. એમાંથી હેમખેમ બહાર આવી શકાશે ખરું? સામે જ દેખાતી હતી એ ઇમારત, કેટલીય વખત તે અહીંથી પસાર થયો હતો. આવી ઇમારતો શહેરમાં પણ હતી. તે ત્યાંથી પણ પસાર થયો હતો. દર વખતે એ માત્ર અછડતી નજર નાખતો અને ચાલી જતો. સામે જ દેખાતી હતી એ ઇમારત. કેટલીય વખત તે અહીંથી પસાર થયો હતો. આવી ઈમારતો શહેરમાં પણ હતી. તે ત્યાંથી પણ પસાર થયો હતો. દર વખતે એ માત્ર અછડતી નજર નાખતો અને ચાલી જતો. આજે પહેલી વખત એ ઇમારતને ધારી ધારીને જોઈ રહ્યો હતો. કેટલી બધી અજાણી લાગતી હતી. અંદર શું હશે? ભુલભુલામણી હશે, ભમ્મરિયા કૂવામાં જોવા મળે એવો અંધકાર હશે. એમાંથી હેમખેમ બહાર આવી શકાશે ખરું? ત્યાં ઘા પડવાના જ, પણ એ ઘા કોઈની નજરે ઓછા પડવાના હતા? માત્ર પોતે જ અનુભવતો રહેશે. એની વેદનાની વાત પણ ક્યાં કરવાની? નયના અત્યારે જે ચકરાવામાંથી પસાર થઈ રહી છે તે શું ઓછો છે કે પાછો પોતે એમાં કશું ઉમેરણ કરે? સામે જ દેખાતી હતી એ ઇમારત. કેટલીય વખત તે અહીંથી પસાર થયો હતો. આવી ઇમારતો શહેરમાં પણ હતી. તે ત્યાંથી પણ પસાર થયો હતો. દર વખતે એ માત્ર અછડતી નજર નાખતો અને ચાલી જતો.

તે ધ્રૂજતા પગે ધીમે ધીમે નજીક જવા લાગ્યો, કેટલી મોટી હતી એ ઇમારત? ત્યાં જાણે મોટી મોટી પવનચક્કીઓ મૂકી હોય અને એના પવનના મારથી તે પાછો ફેંકાઈ જતો હોય

એવું લાગ્યું. કદાચ હવાબારી, જરા અધખૂલું બારણું, બે બારણાં વચ્ચેની તિરાડમાંથી પણ પ્રવેશી શક્યો હોત. જેમ જેમ તે નજીક જતો ગયો તેમ તેમ તે ઇમારત મોટી ને મોટી થતી ગઈ; બબ્બે ત્રણત્રણ વખત જાણે તે અંદર પેસવા ગયો, ક્યારે અંદર ગયો અને ક્યારે અંદરથી ફંગોળાતા કાગળના ડૂચાની જેમ બહાર ફેંકાઈ ગયો તેની ખબર સુધ્ધાં ન પડી. તેને એમ જ લાગ્યું કે મને ઇમારતમાંથી સીધો ઘેર જ ઉશેટી દેવામાં આવ્યો છે. કેટલા મોટા હાથ હતા એ, આંખોય કેટલી મોટી, નાનપણમાં વાર્તાઓ સાંભળેલી તેમાં આવતા કોઈ ભયાનક રાક્ષસે તેને બે આંગળીની વચ્ચેથી પકડીને ફંગોળ્યો હતો.

તેણે ઘરે આવીને જોયું તો નયના છાપું વાંચતી હતી, તરત તે બોલી ઊઠી, 'જઈ આવ્યા?!

'ના.'

'બહુ સારું થયું.' કહીને તે કામે વળગી.

મોહન આરામખુરશીમાં બેઠો. મગજ પર ઘણના ઘણ ઝીંકાઈ રહ્યા હતા અને એના અવાજો તેના શરીરના એકેએક અંગને ધ્રુજાવી રહ્યા હતા. એકેએક અવાજના અસંખ્ય પડઘા પડતા હતા. એ પડઘાઓનાં વર્તુળ વિસ્તરતાં ગયાં, વર્તુળોના તરંગોમાં તે નાનો ને નાનો જ થતો ગયો.

એને ફરી ઇમારત યાદ આવવા લાગી. એ ઇમારત હતી કે અજગર? ના, અજગર પણ નહીં, ભણતી વખતે માઇક્રોસ્કોપમાંથી જોયેલા પેરેમેશિયમ હજારો ગણા મોટા થઈને ડોલતા હતા.

નયના ના ને ના કહેતી રહી પણ મોહન ફરી એ ઇમારતમાં પ્રવેશવા મથ્યો. તેને કોઈએ શીખવાડેલું કે જે અન્યાય કરે છે તે તો અપરાધી છે જ પણ જે અન્યાય સહી લે છે તે પણ અપરાધી તો છે જ. આ ઇમારત મોટી ભુલભુલામણી હતી, અહીં કોઈને એની સામે જોવાની ફુરસદ નહોતી. દરેકની આંખો નીચે ઢાળેલી જ હતી. કોઈ રોગ તો નહીં થયો હોય ને! કદાચ આ ઇમારત જ એવી નહીં હોય? એના પ્રભાવ હેઠળ બધા આવી ગયા હશે? એ દિવસે પણ તેનો પત્તો ન પડ્યો. રાઇટર હોય તો ઇન્સ્પેક્ટર ન હોય અને ઇન્સ્પેક્ટર હોય ત્યારે રાઇટર ન હોય! આ મુશ્કેલીમાંથી બચવા તે અરજી જાતે જ લખીને લઈ આવ્યો હતો. પણ એને તે કોઈ હાથેય નહીં અડકાડે એવું કોઈએ કહ્યું. સામે આંખોમાં જે ભાવ હતા તે બધું અવળસવળ કરી નાખતા હતા. તે હજુ ખુરશીમાં ગોઠવાયો નહોતો ત્યાં તેને કાને શબ્દો પડ્યા, 'શું તમારી બૈરી પર જુલમ થયો છે? ભૂલી જાઓ ભાઈ... ભૂલી જાઓ એ બધું. ચાલ્યા કરે એવું તો... કેટકેટલાને તમે રોકશો?'

આ ચોથો ધક્કો હતો. પહેલો નહીં, બીજો નહીં, ત્રીજો નહીં, બરાબર ચોથો. મોહનને લાગતું હતું કે બહાર બધે તેજ રફતાર હતી, અને અહીં જાણે બધું થંભી ગયું હતું. બહાર જોવા મળતી બધી સુવિધાઓને અહીં પ્રવેશબંધી ફરમાવવામાં આવી હતી. ઊમરા પર જ તેને ઊબકો આવવા જેવું થયું અને છતાં તે ગયો. ઊબકાને મોંની અંદર કેટલીય વખત ફેરવતો રહ્યો અને પછી કટાણું મોં કરીને ગળાની નીચે ઉતારી ગયો.

તે એક ટેબલ આગળ આવીને ઊભો રહી ગયો, અચાનક પાછળથી કોઈએ ટેબલ ઉપર કશી ફાઈલ ફંગોળી... 'આ સાંજના બંદોબસ્તનો કાગળ આવી ગયો છે...' ખુરશી પર બેઠેલા

મહાનુભાવને હવે ઊંચે જોવું પડ્યું. ફાઈલ ફંગોળનાર સાહેબ કોઈક ઓરડામાં ભરાઈ ગયા.

'ઓહ, આવી ગયા પાછા?'

'હા, હજુ મારી ફરિયાદ...'

'ચારે બાજુ ફરિયાદો જ ફરિયાદો જ છે... બોલો શાની ફરિયાદ છે?' મોહને ઊભાં ઊભાં જ કહ્યું, 'મારી પત્ની ઉપર બળાત્કાર...'

'આ શહેરમાં દરરોજ વીસપચીસ બળાત્કાર થતા હશે...આ એક વધારે... હા... કોણે કર્યો એ જુલમ?'

'કલેક્ટર કચેરીના એક સાહેબે...'

'મરી ગયા ત્યારે તો... જુઓ, તમને સાચી સલાહ આપું? ઘેર જાઓ...... ભૂલી જાઓ... તમે તો નારાજ નથી થયા ને તમારી ઓરત પર...'

'અરે પણ તમે તો મારી વાત જ સાંભળતા નથી...!'

'કાલે આવજો... કાલે... આ કંઈ ખૂન ચોરી નથી કે તાત્કાલિક આવવું પડે... કાલે નિરાંતે આવજો... આમેય આજે કોઈ મોટી આસામી આવવાની છે. અમે બધા તેના બંદોબસ્તમાં રોકાયા છીએ.'

પેલા ખુરશી પર બેઠેલા સાહેબ ઊભા થયા, મોહન ત્યાંનો ત્યાં જડાઈ ગયો. આજુબાજુ બધું જ ચક્કરભમ્મર થતું હતું... તે ભારે પગલે બહાર નીકળ્યો. ઘરની દિશા પકડીને તેણે ચાલવા માંડ્યું, વચ્ચે કંઈકેટલીય નદીઓ આવી, ડુંગરા આવ્યા, રેતીનાં રણ આવ્યાં, મોઢામાં ભારે શોષ પડતો હતો, આજુબાજુ બધું પરિચિત હતું અને છતાં કશું પરિચિત હતું નહીં. સ્થળ અને સમય બંને રીતે જાણે બધું બદલાયેલું બદલાયેલું લાગતું હતું. તે બાવરો બાવરો બની ગયો. પગને રસ્તો કોણ દેખાડતું હતું તેનો કશો ખ્યાલ આવ્યો નહીં. આગળથી કશુંક ખેંચતું હતું? પાછળથી કશોક ધક્કો વાગતો હતો? મગજ સાવ ખાલીખમ્મ થઈ ગયું હોય એમ લાગ્યું. એમ કરતાં કરતાં ઘર આવી ગયું. ખુરશીમાં બેસીને નયના કશુંક સાંધતી હતી, ચાર આંખો દૂરથી મળી. એની આંખોના ચમકારામાં મોહન પ્રવેશી ગયો.

રાતે સૂતી વખતે નક્કી કર્યું હતું કે હવે એ દિશામાં જવું જ નથી, પણ સવાર પડી અને નિર્ણય બદલાયો. અંદરથી કોઈ ધકેલતું હતું, કોઈક ઓળખાણનો ઉપયોગ કર્યા વિના કશું થશે નહીં એમ માનીને એક ઓળખીતા વકીલ સાથે વાત કરી. થોડાં ચકરડાં ઘૂમ્યાં.

ફરી તે ખુરશી પર ગોઠવાયો. સામી ભીંત પર ગાંધીજીની છબિ હતી. એક ક્ષણ... બે ક્ષણ... એક મિનિટ... બે મિનિટ... સમય વિરાટ શિલા બનીને ખડકાઈ ગયો હતો. સામી ભીંત પરની ઘડિયાળમાં એ ખસતો હતો, પણ અહીં આ વિરાટ શિલાને કોઈ રીતે ખસેડી શકાય એમ ન હતી.

'બોલો...' અચાનક એક ગુફામાંથી અવાજ આવ્યો.

'હું... હું ... ફરિયાદ...'

'શાની?'

'બળાત્કારની...'

પેલાએ આંખો ઊંચી કરીને જોયું. 'તમારા પર જોરજુલમ તો નથી થયોને?'

'ના...' ગળે થૂંક ઉતારવાનો પ્રયત્ન કરતાં તે બોલ્યો... 'મારી પત્ની પર...'

'ઓહો... તમારી ઘરવાળી પર...'

'હા જી...'

'તો ફરિયાદ નોંધાવવા તેણે આવવું પડે.'

'પણ એ તો માંદી છે.'

'તો શું હું તમારે ઘેર આવું?'

'એની પાસે લખાવીને લાવું તો?'

'ના ચાલે... કાલે લઈને આવજો... ચાલો.'

'ના... ના... મારે ફરી એ ચકરાવો, એ મોતનો કૂવો નહીં જોઈએ.'

'ના...ના... મારે ફરી એ ચકરાવો, એ મોતનો કૂવો નહીં જોઈએ.' મોહને એના કપાળ પર હાથ ફેરવતાં કહ્યું, 'તું જરા સમજ, ધીરજ રાખ. આવા સિલસિલા ચાલ્યા જ કરે છે. એને બંધ કરવા જોઈએ. આપણે બોલવું જોઈએ.

હું તારી સાથે જ છું, પછી શું છે?'

' મોહને એના કપાળ પર હાથ ફેરવતાં કહ્યું, 'તું જરા સમજ, ધીરજ રાખ. આવા સિલસિલા ચાલ્યા જ કરે છે. એને બંધ કરવા જોઈએ. આપણે બોલવું જોઈએ. હું તારી સાથે છું, પછી કંઈ?'

ના...ના... મારે ફરી એ ચકરાવો, એ મોતનો કૂવો નહીં જોઈએ.'

નયનાએ અંદર દાખલ થતાં કચેરીના મકાન સામે જોયું, કોઈ બૅન્કની ઑફિસ જેવું એ મકાન હતું. બહાર ટેબલખુરશી હતાં. ટેબલ પર લખ્યું હતુંઃ 'તમને મદદ કરી શકું?' દર વખતે મોહન જતો હતો ત્યાં ગયાં. આજે ટેબલ પર એક બહેન પણ હતાં. એમને જોઈને નયનાને જરા રાહત થઈ.

'આવી ગયાં?'

'હા સાહેબ...'

બંનેને ટેબલ સામે મૂકેલા બાંકડા પર બેસાડ્યાં. જમાદારે આવીને સાથીસ્ત્રી સાથે કશી ગુસપુસ કરી.

'ચાલો, તમારું નામ લખાવો.'

'નયના વાઘેલા.'

'આખું નામ બોલો.'

'નયના મોહન વાઘેલા.'

'આ મોહન કોણ છે?'

'એની સાથે મારું લગન થયું છે.'

'લગનનો પુરાવો છે?'

'ના, એવું તો કશું નથી...'

'તમે જે ઘટનાની વાત કરો છો તેની વિગતો લખાવો.'

નયનાએ એ બધી વિગતો ધ્રૂજતાં ધ્રૂજતાં લખાવી.

'તમે ત્યાં શું કરવા ગયેલાં...?'

'રેશનકાર્ડ માટે...'

'તે દિવસે તમે શું પહેર્યું હતું?'

???તમસલોકનો યાત્રી???

'સાડી.'

'બ્લાઉઝ કેવો હતો? બાંયવાળો કે બાંય વગરનો?'

નયનાને બાંકડા ઉપર ઠોકી બેસાડેલી ખીલીઓ ઉપર ઊપસી આવતી હોય એવું લાગ્યું.

'તમારે ઘેર તમારા પતિના મિત્રો અવારનવાર આવે છે?'

'ખાસ નહીં...'

'અને આવે તો કેટલું રોકાય?'

'અડધોએક કલાક વળી...'

'તમે જે દિવસે કલેક્ટરકચેરીમાં ગયા ત્યારે તમારી હાલત કેવી હતી?

'એટલે?'

'તમે બીમાર હતાં?'

'ના...'

'બીજી કશી તકલીફ?'

'ના... પણ મને ત્રીજો મહિનો જતો હતો.'

'એની કશી સાબિતી?'

'હા, મેં સોનોગ્રાફી કરાવેલી, એનો રિપોર્ટ મારી પાસે છે. લો...

'તમને જે સાહેબે હેરાન કર્યા તેમનું નામ?'